ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.

CIN : U40102GJ2003SGC042908

e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંકઃ બીઝેડ/ફોરમ/૧૫૫/૧૮–૧૯/ ૫૧૧ તારીખ : 25 JAN 2019

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
શ્રી ચાવડા ગંભીરસિંહ જેસિંગભાઈ,
સી–૨૮૦, કાળીયાબીડ,
જ્ઞાનગુરૂ સ્કુલ વાળો ખાંચો,
ભાવનગર.
**મો.નં. ૯૭૨૭૧ ૭૬૩૮૦.**

કેસ નં.૧૫૫/૧૮–૧૯

**વિષય : ઘરવપરાશનું વીજ કનેકશન પુનઃ શરૂ કરી આપવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૧૮/૧૨/૧૮.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૫૫/૧૮–૧૯/૫૮૦૧ તા.૨૬/૧૨/૧૮.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૫૫/૧૮–૧૯/૭૩ તા.૦૫/૦૧/૧૯.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૧૯/૦૧/૨૦૧૮** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**(એમ. પી. સોલંકી)**
**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી, ભાવનગર.**

**બિડાણઃ– ઉપર મુજબ.**

પ્રતિઃ કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **શહેર–૨ ભાવનગર.**

*........ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૧ની કલમ નં. ૨.૫૨ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાનાઃ–**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, ભાવનગર.
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, કાળિયાબીડ.
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

**(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)**

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ <u>કેઈસ નંબર - ૧૫૫/૧૮-૧૯</u> ☜

વાદી :- શ્રી ચાવડા ગંભીરસિંહ જેસિંગભાઈ

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :- પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

◈ **<u>રજુઆતની તારીખ</u>:- ૧૯.૦૧.૨૦૧૯** ◈

હાજર રહયા :- શ્રી ચાવડા ગંભીરસિંહ જેસિંગભાઈ - વાદી પોતે

પ્રતિવાદી :- શ્રી ટી. એમ. પંડયા, (કા.વા.)કાર્યપાલક ઈજનેર, શહેર-૨ વિભાગીય કચેરી, ભાવનગર.
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

શ્રી ચાવડા ગંભીરસિંહ જેસિંગભાઈ, મુ.ભાવનગરની ઘરવપરાશનું વીજકનેકશન પુનઃ શરૂ કરી આપવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૧૫૫/૧૮-૧૯ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગરને પત્ર નં.બીઝેડ/ફોરમ/૧૫૫/૧૮-૧૯/૫૮૦૧ તા.૨૬.૧૨.૧૮ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.૧૯.૦૧.૧૯ નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી શ્રી ચાવડા ગંભીરસિંહ જેસિંગભાઈ પોતે હાજર રહેલ તથા પ્રતિવાદી શ્રી ટી. એમ. પંડયા, (કા.વા.)કાર્યપાલક ઈજનેર, શહેર-૨ વિભાગીય કચેરી, ભાવનગર ઉપસ્થિત રહેલ.

☞ **<u>વાદીશ્રીની રજુઆત</u>:- ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અમો સી-૨૮૦, કાળીયાબીડ, જ્ઞાનગુરૂ સ્કુલ વાળો ખાંચો, ભાવનગર મુકામે અમારા વડીલોપાર્જીત મીલકતમાં રહેઠાણ ધરાવીએ છીએ. જેમાં અમો પીજીવીસીએલનું રહેણાંક હેતુનું જોડાણ માંગેલ હતું.

૧.૨ પીજીવીસીએલ દવારા અમોને રહેણાક હેતુનું ૮૪૪૮/૧૬૯૧૧/૧ નંબરથી જોડાણ ફાળવેલ હતું. પરંતુ પીજીવીસીએલ દવારા થોડો સમય પહેલા કોઈ વ્યાજબી કારણ વગર અમારા સદર જોડાણનું વીજમીટર કાપી નાંખેલ છે. જેથી અમારા ઘરે હાલ અમારી દીકરા-દીકરીનું ભણતર બગડે છે તથા તેઓને વીજળી વગર હાલ અભ્યાસ અધુરો છોડવો પડે તેવી નોબત આવેલ હોય, તેમજ વીજ માણસ ની જીવન જરૂરી વસ્તુ તથા આવશ્યક

P.G.V.C.L. Bhavnagar.

સેવા હોવા છતાં પીજીવીસીએલ દવારા ઓમને કોઈના વાહીયાત વાંધા તકરારને ધ્યાને લઈ, અમારી માલિકીની જગ્યા હોવા છતાં ખોટી રીતે નોટીસો પાઠવી અમારૂ જોડાણ કાપી નાંખેલ હોય, સદર જોડાણ તાત્કાલીક અસરથી ચાલુ કરી આપવા અમારી નમ્ર વિનંતી છે.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,</u>**

૨.૧ કાળીયાબીડ પેટા વિભાગીય કચેરી હેઠળ દવારા શ્રી ચાવડા ગંભીરસિંહ જેસીગભાઈને પીજીવીસીએલના પ્રવર્તમાન નિયમોનુસાર જરૂરી દસ્તાવેજનો આધાર સહ લેખિત બાંહેધરી "મિલ્કત બાબતે કોઈ વાંધો કે તકરા ઉઠાવે તો કનેકશન આપોઆપ રદબાબતલ કરવા પીજીવીસીએલ હકક ધરાવે છે" સાથે રહેણાંક હેતુ માટે તા.૨૨/૦૩/૧૮ ના રોજ અંદાજપત્ર પાઠવેલ, જેની રકમ તા.૨૩/૦૩/૧૮ ના રોજ ભરપાઈ કરવામાં આવેલ છે.

૨.૨ તા.૨૭/૦૩/૧૮ ના રોજ સદર વીજજોડાણ ચાલુ કરવામાં આવેલ.

૨.૩ ત્યારબાદ તા.૦૪/૦૪/૨૦૧૮ ના રોજ જસુમતીબેન જેસંગભાઈ ચાવડા, ગંભીરસિંહ જેસીગભાઈ ચાવડાના માતુશ્રી દવારા વાંધા અરજી રજુ કરેલ છે.

૨.૪ જેમાં ગંભીરસિંહ જેસીગભાઈ દવારા નવા કંનેકશન માટે રજુ કરેલ તા.૨૧/૦૭/૨૦૦૩ ના દસ્તાવેજી પુરાવા પછીના તા.૧૩/૦૪/૨૦૧૪ માં તેમના પિતાશ્રીની હયાતીમાં થયેલ મિલ્કત વિલ (વસિયતનામુ) રજુ કરેલ, જેમાં વિસંગતતા ઉપસ્થિત થતાં, કાળીયાબીલ પેટા વિભાગીય કચેરી દવારા તા.૦૭/૦૪/૨૦૧૮ ના રોજ પત્ર નં.૨૮૪૦ થી ગંભીરસિંહ જેસીગભાઈ ચાવડાને જરૂરી દસ્તાવેજી પુરાવા દિન–૭ માં રજુ કરવા માટે નોટીસ પાઠવવામાં આવેલ.

૨.૫ પરંતુ તેઓ જણાવેલ સમયમર્યાદામાં જરૂરી દસ્તાવેજો રજુ કરી શકેલ નહી છતાં તેમને આખરી તક આપતાં કાળીયાબીડ પેટા વિભાગીય કચેરી દવારા તા.૧૬/૦૪/૨૦૧૮ ના રોજ પત્ર નં.૨૯૬૨ થી દિન–૩ માં જરૂરી દસ્તાવેજો રજુ કરવા અન્યથા આપનું કનેકશન તાત્કાલીક અસરથી કાયમી ધોરણે રદ કરવામાં આવશે તેવી નોટીસ આપવામાં આવેલ પરંતુ તેઓ જરૂરી દસ્તાવેજી પુરાવા પુરા પાડવામાં અસફળ રહેલ છે.

૨.૬ આમ, વાંધા અરજીને ધ્યાને લઈ જગ્યાના માલિકની અરજીના આધારે તા.૨૩/૦૪/૨૦૧૮ ના રોજ સદર વીજજોડાણ કાયમી ધોરણે રદ કરવામાં આવેલ છે.

☞ **<u>ફોરમનું તારણ</u>** :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.

૩.૧ વાદી અરજદાર ચાવડા ગંભીરસિંહ જેસીગભાઈ ને પ્રતિવાદી દવારા ઘરવપરાશનું વીજજોડાણ તા.૨૭/૦૩/૧૮ ના રોજ ગ્રા.નં.૮૪૪૪૮/૧૬૯૧૧/૧ થી આપવામાં આવેલ ત્યારબાદ પ્રતિવાદીએ તા.૨૩/૦૪/૧૮ ના રોજ વાદીનું વીજજોડાણ કાયમી ધોરણે કાપી અને રદ કરેલ, જે માટે વાદીએ ફોરમને રજુઆત કરેલ છે.

Grievance Redressal P.G.V.C.L. Bhavnagar.

૩.૨ પ્રતિવાદી દવારા વાદીને આપવામાં આવેલ વીજજોડાણવાળું મકાનની માલિકી જેસીગભાઈ જેઠાભાઈ ચાવડાની હતી, જેમનું મૃત્યુ થતાં, આ મકાનમાં વીજજોડાણ આપવા માટે પ્રતિવાદીએ વાદી પાસેથી વીજજોડાણ આપતાં પહેલા રૂા.૧૦૦/– ના નોન જ્યુડીશ્યલ સ્ટેમ્પ ઉપર એ મતલબનું બાંહેધરી લીધેલ કે "જો આ વીજજોડાણ બાબતે કોઈ વાંધો તકરાર ઉઠાવે તો કનેકશન આપોઆપ રદ બાતલ થશે અને તેવી લેખિત બાંહેધરી આપેલ."

૩.૩ તા.૦૪/૦૪/૧૮ ના રોજ જેસીગભાઈના વારસદાર પત્ની જસુમતીબેન એ પ્રતિવાદીને લેખિત અરજી આપી, વાંધો દર્શાવેલ કે ગંભીરસિંહને આપવામાં આવેલ વીજજોડાણ તેઓની સહમતી વગત આપવામાં આવેલ છે, તેથી વીજજોડાણ કાપી નાખવું તેમજ તેઓએ વાંધા અરજી સાથે ગુજરનાર જેસીગભાઈ જેઠાભાઈ એ કરેલ મકાનનાં વીજલની નકલ જોડેલ.

૩.૪ પ્રતિવાદી દવારા વાદીને તા.૦૭/૦૪/૧૮ ના રોજ પત્ર લખી, મકાનની માલિકી અંગેના દસ્તાવેજી પુરાવા દિવસ–૭ માં રજુ કરવા જણાવેલ, જે રજુ ન કર્યે પ્રતિવાદીએ ફરીથી તા.૧૬/૦૪/૧૮ ના રોજ દસ્તાવેજી પુરાવા દિવસ–૩ માં રજુ કરવા જણાવેલ.

૩.૫ વાદીએ પ્રતિવાદીની ઉપરોકત માંગણી મુજબના દસ્તાવેજી પુરાવા રજુ કરેલ નહી તેથી પ્રતિવાદીએ જસુમતીબેન ચાવડાની વાંધા અરજી તેમજ વાદીએ આપેલ લેખિત બાંહેધરી અનુસંધાને તા.૨૩/૦૪/૧૮ ના રોજ વાદીને આપેલ વીજજોડાણ કાયમી ધોરણે કાપી નાંખેલ.

૩.૬ વાદીએ પ્રતિવાદીનાં માગ્યા મુજબના મકાનની માલિકીનાં દસ્તાવેજો કે બીજા પુરાવા રજુ ન કરેલ હોઈ પ્રતિવાદીએ વીજજોડાણ કાપવાની કાર્યવાહી નિયમોનુસારની છે, આથી વાદીની અરજી રદ થવા પાત્ર છે.

<u>–:: હુકમ ::–</u>

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં."૩.૬ મુજબ વાદીની અરજી રદ કરવામાં આવે છે."**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

**(બી. જે. દવે)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

**(પી. એચ. માવાણી)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એમ. આર.વજરીયા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

તારીખ :–૧૯.૦૧.૨૦૧૯